ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# વિદ્યાર્થીઓના સર્વાંગી ભવિષ્ય માટે સર્વાંગી યુનિવર્સીટી ઉભું કરવાનું સપનું: ફારૂક પટેલ

સૌર, પવન અને હાઈબ્રીડ ઉર્જા ક્ષેત્રે ફારૂક પટેલનું નામ ખૂબ જાણીતું છે. તેમણે 2026ના નવા વર્ષ માટે લીધેલા સંકલ્પ વિશે વાત કરતા જણાવ્યું કે, જીવનમાં સંકલ્પો માત્ર વિચાર નથી, પરંતુ તે નિષ્ઠા, પરિશ્રમ અને ઈશ્વરકૃપાથી સાકાર થતી યાત્રા છે. અત્યાર સુધી મેં જે સપનાઓ જોયા, તે સાકાર કરવા માટે સતત પ્રયત્ન કર્યો છે અને સર્વશક્તિમાનની કૃપાથી તેમાં સફળતા પણ મળી છે. આવનારા વર્ષ 2026-27 માટે મેં શિક્ષણ ક્ષેત્રે ઐતિહાસિક અને દુરોગામી પગલાં ભરવાનો સંકલ્પ લીધો છે. પ્રાથમિક શિક્ષણથી લઈ UPSC સુધીના અભ્યાસ માટે અનેક યોજનાઓ પહેલેથી જ અમલના માર્ગ પર છે. મારું સૌથી મોટું સ્વપ્ન એક સર્વાંગી યુનિવર્સિટી ઊભી કરવાનું છે, જ્યાં એક જ છત હેઠળ વિદ્યાર્થીઓના સર્વાંગી ભવિષ્યનું નિર્માણ થાય. આ સંકલ્પને સાકાર કરવા હું પૂર્ણ શક્તિથી આગળ વધીશ.

